## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ઉમેદવારશ્રી, મત તમને આપી દીધો છે... હવે તમારી ઓફિસનું સરનામું આપો... કે જ્યાં આવી અમે હોબાળો મચાવીને માંગણી પુરી કરી શકીએ...!!

# ગાંધીનગર મનપાના પરિણામો અંગે સટ્ટાપ્રેમીઓમાં કોંગ્રેસ હોટ ફેવરીટ

ગાંધીનગર, તા. ૨૫

અત્યારે હાલ આઈપીએલ મેચો રમાઈ રહી છે, ત્યારે નગરના સટ્ટાપ્રેમીઓ ક્રિકેટ મેચમાં સટ્ટો લગાવવાની જગ્યાએ શહેરમાં યોજાયેલી મનપાની ચૂંટણીમાં કયો પક્ષ સૌથી વધુ સીટ મેળવશે તેના પર સટ્ટો રમી રહ્યા છે. શહેરના સટ્ટાબજારમાં કોંગ્રેસ હોટ ફેવરીટ છે. મનપાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના રાજકીય આગેવાનો ૨૦ થી ૨૨ સીટના દાવા કરી રહ્યાં છે. તો બીજી તરફ બીજેપીના આગેવાનો પણ ૨૩ થી ૨૫ સીટ વિજયી બનશે તેવું જણાવી રહ્યા છે. છતાં પણ શહેરનાસટ્ટા બજારમાં કોંગ્રેસ જ હોટ ફેવરીટ ગણાય છે.

તા. ૨૬ના રોજ મતગણતરીના પૂર્વે રાજકીય ગરમાવો પણ વધી જવા પામ્યો છે. ગતરોજ ચૂંટણી બાદ આરામથી સુઈ ગયેલા ઉમેદવારોને આજે ઉંઘ પણ આવતી નથી. ગાંધીનગર મનપામાં સત્તાના સૂત્રો કયો પક્ષ સંભાળશે તેની ચર્ચાઓ રવિવાર સાંજથી શરૂ થઈ ગઈ છે. તેની સાથે કેટલા મોટા ગજાના રાજકીય આગેવાનોને કયો પક્ષ કેટલી બેઠકો મેળવશે તેનો તાગ મેળવવો પણ મુશ્કેલ લાગી રહ્યો છે. તેવા સંજોગોમાં રાજકીય સમીકરણો માંડનારા મતદારો અને ભાજપ-કોંગ્રેસના કાર્યકરોમાં એક બીજા વચ્ચે શરતો લાગી ચુકી છે. મતદાન પૂર્ણ થતાંની સાથે જ કયા વોર્ડમાં કયો ઉમેદવાર જીતશે અને કોણ હારશે તેના પર પણ મસમોટી શરતો લાગી ચુકી છે. ગાંધીનગર જિલ્લો કોંગ્રેસનો ગઢ ગણાતો હોવા છતાં ભાજપનો ઊંચો ભાવ બોલાતો હતો. પરંતુ રાજકીય સમીકરણો પલટાતા કોંગ્રેસનું પલ્લુ ભારે થઈ ગયું છે. અને સટ્ટાબજારમાં કોંગ્રેસ હોટ ફેવરીટ બન્યું છે. ત્યારે મતગણતરી મંગળવારે હોવાથી સવારની રાહ જોતા સટ્ટોડીયાઓનું રાજકીય ગણિત સાચુ પડશે કે ખોટુ તે જોવુ રહ્યું...

## ખૂણે ખાંચરેથી...

- ઉવારસદ ગામમાં ઝાડા-ઉલ્ટીના ૪ કેસ નોંધાયા છે. જેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.
- રાજ્ય ચૂંટણી પંચે આજે મતગણતરીની કામગીરીને લઈ આજે મતગણતરીના બે હોલની મુલાકાત લઈ કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.
- આજે વિશ્વ મેલેરિયા દિવસની જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા શાનદાર ઉજવણી કરાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગરની કોલેજોમાં પરીક્ષાઓ ચાલી રહી છે.
- મનપાની ચૂંટણી સંપન્ન થતાં જ રાજ્યના સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમોના આયોજનમાં તંત્ર વ્યસ્ત બનશે.

# ગાંધીનગર મનપામાં વિજય માટે ભાજપ-કોંગ્રેસ બન્નેના દાવા

### ઓછુ મતદાન અને અન્ય પક્ષો અપક્ષો પરિણામ પર અસર કરે તેવી પણ ધારણા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિજય માટે ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ દાવા કર્યા છે.

ગત સામાન્ય ચૂંટણી કરતાં ૬ ટકા ઓછા થયેલા મતદાન પછી રાજકીય પક્ષોમાં પણ વિજય અંગેની ગણતરીઓમાં ગોથા ખવાય તેવી શંકાઓ વ્યક્ત થઈ રહી છે.

કોંગ્રેસ પક્ષે આ ચૂંટણીમાં તેમના પક્ષનો સંપૂર્ણ સ્પષ્ટ બહુમતિ સાથે વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તો ભાજપે પણ બહુમતિ સાથે પક્ષ પુનઃ સત્તા સંભાળશે તેમ જણાવ્યું છે.

ઓછા મતદાનને લઈ પક્ષના નેતાઓ આંકડાઓ સાથે દાવા કરવાનું ટાળી રહ્યા છે જો કે આ ચૂંટણીમાં અન્ય પક્ષો અને અપક્ષોના દેખાવની પરિણામ પર અસર જોવા મળશે તેમ રાજકીય વર્તુળોનું માનવું છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨૪માં સૌથી વધુ મતદાન નોંધાયું છે. ગાંધીનગર મનપાની ચૂંટણીના પરિણામો અંગે આજે શહેરમાં અનેકવિધ તર્ક વિતર્ક થતા જોવા-સાંભળવા મળ્યા હતા.



ઉનાળો આવતા જ પાણીના પોકારો ઉઠવા લાગે છે. હાલ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં દુષ્કાળની પરિસ્થિતિએ દેશભરમાં ચિંતાનો માહોલ સર્જયો છે. જો કે ગાંધીનગરમાં પણ ધીમે ધીમે પાણીની સમસ્યા ઉભી થઈ રહી હોવાનો અહેસાસ જણાય છે. સાયકલ રીક્ષામાં પાણીનો કેરબો ભરીને લઈ જતા આ શ્રમજીવી પિતા-પુત્ર આ બાબતની ચાડી ખાય છે.

# કુડાસણમાં સર્વિસ રોડ પર અંધકારનું સામ્રાજય

### મહિલાઓ, વિદ્યાર્થીનીઓ તથા વડીલો સહિત તમામને પસાર થવુ જોખમભર્યું : અનિચ્છનીય બનાવ બને તે પહેલા સ્ટ્રીટલાઈટોની સમસ્યા ઉકેલવા રહીશોમાં માંગ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં મુખ્ય કોબા રોડ પાસેના સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટોના અભાવે રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મોડી સાંજે અંધારું થયા પછી પરત ફરી રહેલા રોજના અપડાઉનિયા મુસાફરોમાં ખાસ કરીને મહિલાઓ, વિદ્યાર્થીનીઓ તથા સિનિયર સિટિઝન્સને કફોડી હાલતનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતા કુડાસણ વિસ્તારનો જેટલી ઝડપે વિકાસ થયો છે તેટલી ઝડપે માળખાકીય સુવિધાઓ તંત્ર આપી શકયુ નથી. આ વિસ્તારમાં રહીશોની સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં દિન દુની, રાત ચૌગુની ના હિસાબે વધવા પામી છે પરંતુ હજુ પણ અહીં પાયાની માળખાગત સુવિધાઓનો અભાવ જણાઈ આવે છે. આ વિસ્તારમાં રહેતા રહેવાસીઓમાં બહાર અપડાઉન કરતા રોજીંદા મુસાફરોની સંખ્યા વધારે છે. વળી અભ્યાસ અર્થે પણ અપડાઉન કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની સંખ્યા પણ એટલા પ્રમાણમાં વધારે છે. મોટા ભાગનો વર્ગ અમદાવાદ, થલતેજ-સરખેજ અને બાકીનો વર્ગ ગાંધીનગર શહેર તરફ આવન જાવન કરે છે. ઘણો ખરો વર્ગ દહેગામ, હિંમતનગર અથવા માણસા વિજાપુર તરફ પણ અપડાઉન કરે છે. આ બધા માટે કોબા હાઈવે પરના પીકઅપ બસ સ્ટેન્ડ અગત્યના સ્થળ છે. પરંતુ આ સ્ટેન્ડથી પોતાના ઘર સુધી જવા માટે તેમને સર્વિસ રોડનો ઉપયોગ કરવો પડે છે. આ સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટોનો અભાવ છે. જયાં સ્ટ્રીટ લાઈટ મોજુદ છે ત્યાં બંધ હાલતમાં હોવાથી ના હોવા બરાબર છે.

આ પરિસ્થિતિમાં મહિલા મુસાફરો, વડીલો સહિત તમામને રાત્રિના અંધકારમાં ભયના ઓથાર હેઠળ પસાર થવું પડે છે. આ સમયે ચેઈન સ્નેચિંગ કે લૂંટ જેવા જોખમો ઉપરાંત મહિલાઓ સાથે છેડતી કે અન્ય ગુનાઓ થવાનું જોખમ રહેલું છે. આથી સત્વરે આ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટોનો પ્રશ્ન ઉકેલવામાં આવે તેવી રહીશોમાં ઉગ્ર માંગ પ્રવર્તી રહી છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા તા. ૨૪ને રવિવારે સાહિત્યની શીતળતા અને હાસ્યની હેલીની રસલ્યાણ કરતો કાર્યક્રમ ''ગ્રીષ્મની લહેર'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોક સાહિત્યકાર ડૉ. રણજીત બાંક અને હાસ્ય કલાકાર શ્રી હરિસિંહ સોલંકી દ્વારા શ્રૌતાઓને ભરપુર મનોરંજન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના સંચાલિકા પુ. કૈલાશદીદી, વેસ્ટર્ન એગ્રો શિઝના એન.પી. પટેલ, બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ સુરેશ બોઘાણી તેમજ સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાનની આંટીઘૂંટીની અટપટી વાતો

**વોર્ડ નં. ૧**

- બુથ નં. ૧૪માં સૌથી ઓછુ મતદાન ૧૫.૦૮ ટકા નોંધાયુ. જે મહારાણા પ્રતાપ વિદ્યાલયમાં છે. જેમાં એસઆરપી ક્વાટર્સ, પોલીસલાઈન, સોમેશ્વર સોસાયટીનો વિસ્તાર આવેલો છે.
- સૌથી વધુ મતદાન આદિવાડાના બુથ નં. ૧માં નોંધાયું છે. જેમાં આદિવાડા ગામના વાઘરીવાસ, મારવાડીવાસ, રબારીવાસ, રબારી કોલોની, અશ્વમેઘ ફ્લેટ છે. જેમાં નોંધાયેલા ૮૪૦ મતદારોમાંથી ૫૪૩ મતદારોએ મતદાન કર્યું છે.
- આ વોર્ડમાં ૧૩ મતદાન મથકોમાં ૫૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.
- ૩ બુથમાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.
- ૭ બુથમાં ૪૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.

**વોર્ડ નં. ૨**

- વોર્ડ નં. ૨માં બુથ નં. ૧ જે બાસણના મતદાન મથકમાં સૌથી વધુ મતદાન ૮૫.૪૯ ટકા મતદાન નોંધાયું છે.
- આજ વોર્ડના બુથ નં. ૩માં ૮૩.૨૦, ૮૦.૫૨, ૮૦.૪૪ અને બુથ નં. ૨૫માં ૮૧.૦૧ ટકા મતદાન નોંધાયું છે.
- પાંચ મતદાન મથક એવા છે જ્યાં ૮૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.
- ૬ મતદાન મથક એવા છે જ્યાં ૭૦ થી ૮૦ ટકા મતદાન નોંધાયું છે.
- વોર્ડ નં. ૨માં સેક્ટર-૨૯ની પ્રા. શાળા નં. ૧માં આવેલ ૧૦ નં.ના બુથમાં સૌથી ઓછુ મતદાન નોંધાયું છે. જેમાં ૨૮.૨૪ ટકા જ મતદાન નોંધાયું છે.
- સે. ૩૦માં ૩૭ થી ૪૨ ટકા મતદાન નોંધાયું છે.

**વોર્ડ નં. ૩**

- બુથ નં. ૧૪માં ૬૩.૫૮ ટકા મતદાન નોંધાયું છે. આ બુથ આર્યભટ્ટ મા. શાળામાં હતુ જેમાં સેક્ટર-૨૨ની ઈશ્વરકૃપા, કલ્પના, રવના, ઈન્દ્રપ્રસ્થ, નંદનવન, સત્યમ સોસાયટીઓનો વિસ્તારનો સમાવેશ થયેલો છે.
- આ વોર્ડમાં આવેલ બુથ નં. ૨ જે સે. ૨૦ની વિલ્ડ્રન યુનિ.માં નિયત કરાયેલ જેમાં સૌથી ઓછુ ૨૯.૭૫ ટકા મતદાન નોંધાયું છે. આ બુથમાં ૭૨૬ મતદારોપૈકી ૨૨૬ મતદારોએ જ મતદાન કર્યુ છે. આ બુથમાં ક ટાઈપના મકાનો, પ્રમોશા ફ્લેટ અને સે. ૧૯નો વિસ્તાર આવેલો છે.

**વોર્ડ નં. ૪**

- આ વોર્ડમાં સૌથી વધુ મતદાન બુથ નં. ૧૪માં ૬૮.૪૩ ટકા નોંધાયું છે. જે પ્રા. શાળા નં. ૧ સે. ૨૪માં આવેલ આ બુથમાં હરિસિદ્ધનગર, એલ.આઈ.જી. મકાનોનો સમાવેશ થાય છે.
- આ વોર્ડના સાત મતદાન મથકોમાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.

**વોર્ડ નં. ૫**

- બુથ નં. ૧૮ - ૭૭૮ મતદારો - સરકારી પ્રા. શાળા ફતેપુરા, સે. ૧૫ માં ૭૬.૭૪ ટકા મતદાન નોંધાયું
- સૌછી ઓછુ સરકારી પ્રા. શાળા નં. ૧ સે. ૧૩ - ૩૪.૫૧ ટકા મતદાન નોંધાયુ. ૭૦૭માંથી ૨૪૪ મતદારોએ મતદાન કર્યું છે.
- જીએમબી સ્ટાફ ક્વાટર્સ, ચ-૧, જ-૧, ઘ, જ-ટાઈપ ક્વાટર્સ, છાપરા, સે. ૧૩-બી આ વિસ્તાર આવે.
- વોર્ડ નં. ૫ના ૪ બુથ એવા છે જ્યાં ૬૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. ૯ બુથ એવા છે જ્યાં ૫૦ ટકા કરતા વધુ મતદાન થયું છે. ૭ બુથ એવા છે જ્યાં ૪૦ ટકા કરતાં વધુ મતદાન થયું છે.

**વોર્ડ નં. ૬**

- બુથ નં. ૧૮માં ૮૨.૪૬ ટકા મતદાન, ૬૬૭ કુલ મતદારો - ૫૫૦ મતદાન કર્યું.
- સરકારી પ્રા. શાળા, ધોળાકુવા, ઠાકોર વાસ, રાવળ વાસ...
- આ વોર્ડના બુથ નં. ૨માં ઓછુ મતદાન સરકારી પ્રા. શાળા સે. ૭માં ચ-ટાઈપ ક્વાટર્સ, જ-૨, ઝુંપડા, પરિમલ, સે. ૭-એ અને ૭-બીના
- બુથ નં. ૧૯માં માં ૭૮.૭૬ ટકા મતદાન થયુ છે. સ. પ્રા. શાળા, ધોળાકુવા, પ્રજાપતિ વાસ, રાવળ વાસ.
- ૪ બુથ એવા છે જ્યાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન છે. ૮ મતદાન મથક એવા છે જ્યાં પચાસ ટકા કરતાં વધુ મતદાન છે.

**વોર્ડ નં. ૭**

- સૌથી વધુ મતદાન - બુથ નં. ૨૭ - ૬૫.૩૬ ટકા, ૭૪૨ મતદારોમાંથી ૪૮૫નું મતદાન.
- સરકારી પ્રા. શાળા સે. ૬માં ૬-બીનો વિસ્તાર આ બુથમાં નિર્દિષ્ટ કરાયો છે.
- આ વોર્ડમાં સૌથી ઓછુ મતદાન બુથ નં. ૨૨માં ૩૬.૬૭ ટકા નોંધાયું છે.
- સ. પ્રા. શાળા, સે. ૬ના જ-ટાઈપ ક્વાટર્સ, જ-૧, સીપીડબલ્યુડી ક્વાટર્સ વિસ્તાર
- બે બુથમાં ૬૦ ટકા ઉપરાંત મતદાન
- ૧૫ બુથમાં ૫૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે.
- નવ બુથ એવા છે જ્યાં ૪૦ ટકાથી વધુ મતદાન છે.

**વોર્ડ નં. ૮**

- બુથ નં. ૭માં ૬૩.૮૮ ટકા મતદાન સૌથી વધુ. જ્યારે સૌથી ઓછુ બુથ નં. ૮ ૩૯.૯૨ ટકા મતદાન
- બુથ નં. ૭માં સરકારી પ્રા. શાળા સે. ૨, સે. ૨-બીનો વિસ્તાર
- બુથ નં. ૩માં સરકારી દવાખાનુ, સે. ૨, સે. ૨-એ વિસ્તાર આવેલો છો. બુથ નં. ૮ જે સરકારી પ્રા. શાળા, સે. ૨માં છે. જેમાં સે. ૨-બી ઈન્ફોસીટી ટાઉનશીપ અને ચ-રોડના છાપરા આવેલા છે.
- ૧૩ બુથમાં ૫૦ ટકાથી વધુ મતદાન
- ૧૪ બુથમાં ૪૦ ટકાથી વધુ મતદાન

# પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપવાના કેસમાં પતિને બે વર્ષની કેદ

### પતિના ત્રાસથી પરિણિતાએ શરીર પર કેરોસીન છાંટી જીવન ટુંકાવ્યુ હતુ

ગાંધીનગર તા ૨૫

પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપવાના કેસમાં ગાંધીનગર કોર્ટે તેણીના પતિને બે વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂપિયા બે હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર શહેર નજીક સ્થિત જી ઇ બી છાપરામાં રહેતા મોહનભાઈ કુંદનભાઈ મારવાડી અને પુજાબેનના લગ્નને બે વર્ષનો સમયગાળો થયો હતો. પરંતુ આ દરમિયાન આરોપી તેણીની પર ખોટો વહેમ રાખી શારિરિક માનસિક ત્રાસ આપતો હોવાથી પરિણિતા કંટાળી ગઈ હતી. તા ૧૩ ડીસેમ્બર વર્ષ ૨૦૧૦ના રોજ પરિણિતા શરીર પર કેરોસીન છાંટીને સળગી ગઈ હતી. જેના લીધે તેણીનુ મોત નિપજયુ હતુ. આ બનાવ સંદર્ભે તેણીના પિતા તલાજી અનાજીએ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. મરણજનાર પુજાબેનનો પુત્ર ૨ વર્ષનો છે. ત્યારે આરોપીના અસહ્ય ત્રાસના લીધે તેણીએ આપઘાત કર્યો હોવાથી આરોપીને સખત સજા કરવા માટે કોર્ટ સમક્ષ રજુઆત કરી હતી. સરકારી વકીલોની દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ રીજવાના એ ઘોઘારીએ આરોપીને બે વર્ષની સખત કેદની સજા કરવા આદેશ કર્યો છે. વધુમાં આરોપીને રૂ ૨ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.




તાજેતરમાં સહયોગ મંડળ દ્વારા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત સેકટર-૩૦ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન સંસ્થાએ ૧૨૮ રકત બોટલ એકત્ર કરી હતી. રકતદાન કેમ્પમાં દશરથલાલ પરમાર, કીરીટસિંહ વાઘેલા, અતુલભાઈ બક્ષી, સુકેતુ મહેતા, પંચાલભાઈ, રતિભાઈ સુથાર, ઉલ્લાસ વ્હોરા સહિતના સંસ્થાના સભ્યોએ હાજર રહી સેવા કાર્ય કર્યું હતું.

# બે વર્ષમાં ૧૧૬૨ કરોડના માર્ગ વિકાસના કામ કરાયા

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતે માળખાગત સવલતોના નિર્માણમાં સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. જેના ભાગરૂપે રાજયમાં થયેલ માર્ગ સુવિધાના કામોમાં ગુજરાત મોખરે છે. છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૧૬૨ કરોડના માર્ગ વિકાસના કામો પૂર્ણ કરાયા છે તેમ માર્ગ મકાન વિભાગની યાદીમાં જણાવાયું છે.

ગતિશીલ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી રાજય સરકારે છેલ્લા બે વર્ષમાં રાજયના વિકાસને ગતિશીલતા બક્ષી છે. તમામ ક્ષેત્રોમાં ગતિશીલ ગુજરાત અંતર્ગત લક્ષ્યાંકો નિયત કરાયા છે. જેના ખુબ જ સફળ પરણામો પ્રાપ્ત થયા છે. તદઅનુસાર રાજયમાં વર્ષ ૨૦૧૪ થી ૧૬ દરમિયાન માર્ગ મકાન વિભાગના ૧૧૬૨ કરોડના કામો પૂર્ણ કરાયા છે. તેમાં ૧૦૧૩ કિમી લંબાઈના રસ્તાઓને ૭ મીટર પહોળા કરાયા છે. તે જ રીતે ૨૦૯ કિમી લંબાઈના રસ્તાઓને ચાર છ વર્ગીય કરાયા છે. તેમજ ૮૮૦ કિ.મી લંબાઈના રસ્તાઓને ૧૦ મીટર પહોળા કરાયા છે.